# <u>પ્રેસનોટ</u>

**કૃષિ યુનિવર્સિટીઓના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અગાઉની જેમ ગુજકેટની જરૂરિયાત**

કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને નોડલ અધિકારીશ્રી(શિક્ષણ) તેમની અખબારી યાદીમાં જણાવે છે કે, રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ અંતર્ગત ચલાવવામાં આવતા ધોરણ-૧૨ પછીના ગ્રુપ-એ તથા ગ્રુપ-બી માટેના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે પ્રવેશ મેળવવા ઇચ્છતા રાજયના તમામ ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે કે, સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૮ દરમ્યાન લેવાનાર GUJCET ની પરીક્ષા આપવી ફરજીયાત રહેશે.

કૃષિ યુનિવર્સિટીઓના ગ્રુપ-એ તથા ગ્રુપ-બી (વેટરનરી સાયન્સ સિવાય)ના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રવેશ માટેની મેરીટ યાદી GUJCET ના ૪૦% અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન/ગણિત વિષયની ફક્ત થિયરીમાં મેળવેલ કુલ ગુણના ૬૦% ના આધારે મેરીટ યાદી તૈયાર કરી તે મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. જયારે વેટરનરી સાયન્સના અભ્યાસક્રમ માટે માત્ર GUJCET ના માર્કસના આધારે મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રવેશ માટે ઓન-લાઇન અરજીઓ મેળવી પ્રવેશ આપવામાં આવશે. જેની જાહેરાત પરિણામ જાહેર થયા બાદ કરવામાં આવશે. જે અંગે સંબંધિત વિધાર્થીઓ-વાલીઓએ નોંધ લેવા વિનંતી.